## જન્મદિને વધામણી



હેત જીગ્નેશ પ્રજાપતિ
મો. ૯૯૬૨૦ ૪૧૯૮૫



નવ્યા ધરાવાડિયા
મો. ૯૪૨૮૪ ૧૭૩૩૯

# બીબીએ કૉલેજનાં વિદ્યાર્થીઓ અદાણી - મુન્દ્રા પોર્ટની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૩

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજ નાં કુલ ૭૬ વિદ્યાથીઓ એ અદાણી - મુન્દ્રા પોર્ટ ની મુલાકાત લેવા માટે પસંદગી પામ્યા છે.

ભારતનાં નહી પણ સમગ્ર વિશ્વનાં ખ્યાતનામ અદાણી - મુન્દ્રા પોર્ટ ની મુલાકાતએ વિદ્યાથીઓ માટે અવિસ્મરણીય તક બની રહી..અત્રે ઉલ્લેખનીય છે. કે બીબીએ કૉલેજ નાં વિદ્યાર્થીઓ નાં વિકાસ માટે આવી અનેકવીધ પ્રવૃતિઓથી કૉલેજ હંમેશા ધમધમતી રહે છે. વિદ્યાર્થીઓ દ્વારા અદાણી પોર્ટ, અદાણી વિલમાર્સ (ફૉર્ચૂન), અદાણી વેસ્ટપોર્ટ, તેમજ અદાણી પાવર લિમિટેડ ની મુલાકાત લીધી. અંહી વિદ્યાથીઓને પોર્ટ મેનેજમેન્ટ તેમજ, પાવર પ્રોડક્ષન, ઓઈલ રીફાઈન, કોલસા દ્વારા થતી પાવર પ્રોડક્ષન વગેરે તમામ ક્ષેત્રની સંપૂર્ણ માહિતી આપવા માં આવી હતી.. અદાણી ગ્રુપ ઓફ કંપની સમગ્ર વિશ્વમાં આગવુ સ્થાન ધરાવે છે. તેની સાથે સાથે અદાણી ગૅસ સ્ટેશન, પેટ્રોલિમ, અદાણી-માર્ટ જેવા અનેક વ્યવસાયો સાથે સંકળાયેલુ ગ્રુપ છે. કોર્પોરેટ સોશીયલ રીસ્પોનસીબિલીટીનાં ભાગ રૂપે વિદ્યાર્થીઓને પોર્ટની વિઝિટ માટેની સંપૂર્ણ વ્યવસ્થા કરે છે.

જે કાબીલે તારીફ કહી શકાય. મેનેજમેન્ટનાં વિદ્યાથીઓ માટે આવી મુલાકાત તેમની કારકિદી માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.કેમ કે ભવિષ્ય નાં આન્ત્રપેન્યોર બનવા માટે તેઓ તૈયારી કરી રહ્યા છે. ત્યારે આજ નાં સફળ ઉધોગપતિ શ્રી ગૌતમભાઈ અદાણી જેઓ પણ ક્યારેક કંડલા પોર્ટ ની મુલાકાત લઈ અને પ્રેરણા પામ્યા હતા. ત્યારે વિદ્યાથીઓ માટે ઍક રોલ મોડેલ ઉદ્યોગ પતી દ્વારા સ્થાપિત કંપનીની મુલાકાત ખૂબ ઉપયોગી સાબિત થશે.

અત્રે ઉલ્લેખનીય છે. કે કૉલેજ વિદ્યાર્થીઓ માટે આન્ત્રપેન્યોર સેલ ચલાવે છે. જેમા વિદ્યાર્થીઓને આન્ત્રપેન્યોર બનવા માટે તમામ માર્ગદર્શન પૂરુ પાડવા માં આવે છે. તેમજ ભારતનાં અને વિશ્વનાં ખ્યાતનામ આન્ત્રપેન્યોરનાં જીવન તેમજ તેમની કાર્યસિદ્ધિ બાબતે અવગત કરાવવા માં આવે છે. વિદ્યાર્થીઓ બે દિવસની મુલાકાતમાં ટાઈમ મેનેજમેન્ટ નુ તાદર્શ ઉદાહરણ જોઈ તેને જીવનમાં ઉતારવાની શિખ મેળવી હતી. અદાણી ગ્રૂપ વિષેની સંપૂર્ણ તલસ્પશી માહિતી પુરુરાજસિંહ ઝાલા સાહેબ દ્વારા પુરી પાડવા માં આવી હતી તેમજ તેમણે વિદ્યાર્થીઓને શિસ્ત પાલન તેમજ સફળ કારકિદી માટે ઉપયોગી સૂચનો કર્યા હતા.

તેમજ વહેલી સવારે ચંદ્રકાંત પંડ્યા સાહેબ દ્વારા યોગ ,હવા-પાણી ખોરાક બાબતે અનેક જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ લાફિંગ ક્લબ માં હસવાનો આનંદ માણી સ્વાસ્થ્ય માટે તેની ઉપયોગિતા સમજ્યા હતા. સાથે સાથે સાંસ્કૃતીક કાર્યક્રમમાં ઉત્સાહ ભેર ભાગ લઈ વિદ્યાર્થીઓએ પોતાની આંતરિક શક્તિઓ ને બહાર લાવવાનો સફળ પ્રયત્ન કર્યો હતો. તેમજ ધીરજપંડ્યા સાહેબ દ્વારા સમગ્ર ટીમનાં ઍકોમોડેશૅન બાબતનું ધ્યાન રાખવામાં આવ્યુ હતુ. અહીં શાંતિનાથ મહાદેવનાં દર્શન તેમજ અતિ ભવ્ય આરતીમાં ભાગ લેવાનો પણ વિદ્યાથીઓને મોકો મળ્યો હતો. વિદ્યાથીઓએ તેમજ કૉલેજ દ્વારા કંપની તેમજ તેના સંચાલકશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થા નાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિ નાં હેડ ડૉ જયેશ તન્ના,પ્રો.પ્રજ્ઞેશ નવલખા, ધર્મેન્દ્ર રાઠોડ અને અંજના ચાવડા દ્વારા સંપૂર્ણ જવાબદારી નીભાવવા માં આવી હતી.



## રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં સરસ્વતી પૂજન

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, સેકટર-૧૦એ, ગાંધીનગર ખાતે આજરોજ વસંતપંચમી-જ્ઞાનપંચમી-સરસ્વતી પ્રાગટ્યદિન નિમિત્તે શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય અને મંડળના પ્રમુખ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં વરદહસ્તે સરસ્વતીપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમા મંડળના કાર્યવાહક પ્રમુખ ડૉ. નીતિન પેથાણી તેમજ મંડળમાં નિમાયેલા સભ્યો તથા મંડળનાં કર્મચારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સરસ્વતીપૂજન કાર્યક્રમ સાથે મંડળની સામાન્ય સભાની ૫૨મી બેઠક શિક્ષણમંત્રી અને પ્રમુખ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. આ ઉપરાંત મંડળનાં વર્ષ ૨૦૧૫-૧૬ માટે કાયદાકીય સલાહકારની નિયુક્તિ, મંડળનાં વર્ષ ૨૦૧૫-૧૬ માટે આંતરિક ઓડિટર અને સ્ટેચ્યુટરી ઓડીટરની નિમણૂક કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં ઉદ્ભવેલ (Net Surplus Fund) નો ઉપયોગ કરવા માટેના હેતુનો નક્કી કરવામાં આવ્યો હતો. તેમજ મંડળના યોગ્ય સંચાલનમાં સહાય કરવા માટે શિક્ષણમંત્રી અને પ્રમુખ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા સરકારી તેમજ બિનસરકારી સભ્યોની નિમાયેલ મંડળની કાર્યવાહક સમિતિ, શૈક્ષણિક સમિતિ, ઉત્પાદન સમિતિ, સંશોધન સમિતિ અને વિતરણ સમિતિ જાહેર કરવામાં આવી હતી.

# સિનેમેન પ્રોડકશન્સ ગુજરાતી ફિલ્મોનું સ્તર ઉંચુ લઈ જશે ત્રણ ગુજરાતી ફિલ્મો માટે ફેન્ટમ ફિલ્મસ સાથે જોડાણ



અમદાવાદ. ૧૩

સિનેમેન પ્રોડકશન લિમિટેડ અને ફેન્ટમ ફિલ્મ્સ દ્વારા આજે અમદાવાદમાં યોજાયેલી અક પત્રકાર પરિષદમાં તેમના ૩ ગુજરાતી ફિલ્મો માટે કરાયેલા જોડાણની જાહેરાત કરી છે.

સિનેમેન પ્રોડકશન લિમિટેડે જ્યારેથી ગુજરાતી ફિલ્મ્સમાં મજલ શરૂ કરી ત્યારથી તેમનો ઈરાદો ગુજરાતી ફિલ્મોના સ્તરને ઉંચે લઈ જવાનો રહ્યો છે. કેવી રીતે જઈશ તેમની સૌપ્રથમ અનોખી અર્બન ગુજરાતી ફિલ્મ બની રહી હતી. એ પછી બે યાર ની રજૂઆત થઈહતી, જેણે ગુજરાતી ફિલ્મ્સ માટે મ્લ્ટીપ્લેકસના દરવાજા માત્ર ગુજરાતમાં જ નહીં પણ વિદેશનાં બજારોમાં પણ ખુલ્લા મુકી દીધા હતા.

વર્ષ ૨૦૧૬માં સિનેમેન પ્રોડકશન લિમિટેડ એક કદમ આગળ વધી છે અને પ્રસિધ્ધ અને પ્રતિષ્ઠિત તથા ડિરેકટર્સની બનેલી અનોખી ફેન્ટમ ફિલ્મસ સાથે કરાર કર્યા છે. ફેન્ટમ્સના ભાગીદારોમાં વિકાસ બહલ, અનુરાગ કશ્યપ, વિક્રમાદિત્ય મોટવાને તથા મધુ મંટેનાનો સમાવેશ થાય છે.

કેવી રીતે જઈશ અને બે યાર ના દિગદર્શક શ્રી અભિષેક જૈન જણાવે છે કે, “આ જોડાણનો આશય ગુજરાતી ફિલ્મોને રાષ્ટ્રીય સ્તરે પ્રસિધ્ધિ અપાવવાનો છે. ફેન્ટમ ફિલ્મ્સ જે અનુભવ અને નિપુણતા લઈને આવે છે તેને કારણે આ સિધ્ધિ જરૂરથી હાંસલ થઈ શકશે અને તે જ્યારે અમારી સાથે હાથ મિલાવી રહ્યા છે ત્યારે અમને ખૂબ જ સારી પ્રતિભાઓનો લાભ મળશે અને તેના કારણે ફિલ્મોને પણ ઘણો લાભ થશે.”

સમાન પ્રકારની વાત કરતાં સિનેમેન પ્રોડકશન લિમિટેડના ક્રિએટીવ પ્રોડ્યુસર શ્રી અમિત દેસાઈએ જણાવ્યું કે ’’બંને સંસ્થાઓની શ્રેષ્ઠ પ્રતિભાઓને સાથે લાવીને અમે દર્શકોને એક નવો અનુભવ પૂરો પાડીશું.’’

આ જોડાણ અંગે પ્રતિભાવ આપવા જણાવવામાં આવ્યું ત્યારે ક્વિન ના ડિરેકટર શ્રી વિકાસ બહલે જણાવ્યું કે “વિતેલાં વર્ષોમાં ગુજરાતી ફિલ્મોમાં એક તાજગીપૂર્ણ પરિવર્તન આવ્યું છે અને એ લઈ આવવવામાં સિનેમેન મોખરે રહી છે. ફેન્ટમમાં અમે મહદઅંશે સહયોગ સાથે સર્જનમાં માનીએ છીએ સિનેમેનની સાથે મળીને આ પરિવર્તનનો હિસ્સો બનવાનો અમને આનંદ છે. અમને ખાત્રી છે કે, અમે આપને કેટલીક ઘણી સારી ફિલ્મો દ્વારા આપને મનોરંજન આપવાનું ચાલુ રાખીશું.”

મિખિલ જણાવે છે કે ’’ મને અત્યંત આનંદ થાય છે કે મારી પ્રથમ ફિલ્મ સિનેમેન અને ફેન્ટમનું સંયુક્ત નિર્માણ છે. મને આથી બહેતર બીજી કોઈ તક મળી ન હોત. મારામાં બધાએ જે વિશ્વાસ મુક્યો છે તેને સાકાર કરવાના હું ઉત્તમ પ્રયાસો કરીશ.’’

બીજી ફિલ્મનું દિગદર્શન અભિષેક જૈન જાતે કરશે. અભિષેક કહે છે કે આ ફિલ્મ હજૂ લેખનના તબક્કામાં છે. ત્રીજી ફિલ્મનું દિગદર્શન નવી પ્રતિભા દ્વારા કરવામાં આવશે અને તેમની પસંદગી આ વર્ષે હવે પછી યોજાનાર સિનેમેન પ્રોડકશન લિમિટેડ અને ફેન્ટમ ફિલ્મ્સની લેખન અને દિગદર્શનની વર્કશોપમાં કરાશે.





વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર સંલગ્ન શ્રી સરસ્વતી શીશુવાટિકા અને શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર દ્વારા જન્મદિવસ ઉત્સવ દિનાંક ૧૩/૦૨/૨૦૧૬ ના રોજ શાળાના સંકુલ માં સંપન્ન થયો હતો.

અંધકાર માંથી પ્રકાશ તરફ ની ગતિ એ આપણી ભારતીય સંસ્કૃતિ ની વિશેષતા છે એ ધ્યાનમાં રાખી દીપ પ્રજ્વલન અને યજ્ઞ કરી બાળકો ને આચાર્ય/વાલી દ્વારા આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

જન્મદિવસ ઉત્સવ ત્રણ માસ માં એક વખત ઉજવવામાં આવે છે એ દરમ્યાન જે બાળકો ના જન્મ દિવસ આવતા હોય /આવી ગયા હોય તે સર્વે યજ્ઞ માં સામેલ થાય છે આજના કાર્યક્રમ માં કુલ ૧૯ બાળકો સામેલ થયા હતા. યજ્ઞ સંપન્ન થયા પછી વૃક્ષારોપણનો કાર્યક્રમ બાળકો/વાલીઓ/આચાર્યો દ્વારા સંપન્ન થયો હતો. બાળકોએ રોજ સૂર્યનારાયણ ને અર્ધ્ય આપવા, તુલસી ને પાણી પીવડાવવું, ગાયને ભાગ આપવો, ગરીબોને દાન આપવું એવા શુભ સંકલ્પો કર્યા હતા. વાલીઓએ પણ બાળકોના સંકલ્પ પુરા કરવા સાથે પર્યાવરણ, સમાજ અને રાષ્ટ્ર માટે કાર્ય કરવાના સંકલ્પ લીધા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમ્પોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫

**સ્ક્રીન-૫**
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

## વીર મેઘમાયા વિષે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

પાટણના સહસ્ત્રલિંગ સરોવરમાં રાજા સિદ્ધરાજના કહેવાથી પોતાના દેહનું બલિદાન આપનાર વીર મેઘમાયાના ૯૨૭માં સ્મૃતિદિન નિમિત્તે તા. ૧૪મી ફેબ્રુઆરીના સાંજે પાંચ વાગે ઘ-૪ બગીચામાં જાણીતા કવિ સોમ વાઘેલાનું પ્રવચન રાખેલ છે. નગરજનો હાજર રહેવા માટે મૂળ નિવાસી સંઘના પ્રમુખ વિપુલ સામંતે જણાવેલ છે.

# ફિતૂર : પ્રેમની જેમ જ આ ફિલ્મમાં પણ ઘણા કન્ફ્યુઝન છે!

## વેલેન્ટાઈનના વાયરા વચ્ચે બે ફિલ્મો રિલિઝ થઈ - સનમ રે... અને બાપ રે...!!

અઢારમી સદીના વિશ્વ પ્રસિધ્ધ બ્રિટીશ લેખક ચાર્લ્સ ડિકન્સની વિશ્વની સો સર્વશ્રેષ્ઠ નલકથામાં જેની ગણના થાય છે એ નવલકથા ‘ગ્રેટ એકસપેકટેશન્સ’ પર આધારિત ફિલ્મ બનાવવાનો જુસ્સો કે આવેગ કે ગાંડપણ કે મનમાં ભૂત ભરાવું કે ફિતૂર... દિગ્દર્શક... નિર્માતા અભિષેક કપૂરને આ શું સૂજ્યું કે ‘ફિતૂર’ બનાવી... અને એવીં બનાવી કે સ્વયં ચાર્લ્સ ડિકન્સ સામે ચાલીને આવીને ‘ફિતૂર’ જુએ ને તો ગોથે ચઢી જાય..!!!

પીપ નામનો અનાથ ગરીબ બાળક મિસ હેવીંશામ નામની અતિ ધનાઢ્ય મહિલાની દત્તક દીકરી એસ્ટેલાના પ્રેમમાં પડે છે. મિસ હેવીશામ બન્નેને બાળપણમાં જ દૂર કરે છે, છતાં મોટા થઈને નિયતિ બન્નેને મેળવે છે. મિસ હેવીશામના અથાગ પ્રયત્નો છતાં પણ આખરે પ્રેમનો જય થાય છે... ચાર્લ્સ ડિકન્સની ૧૮૬૦-૬૧માં લખાયેલી પ્રસિધ્ધ થયેલી આ ખૂબ જ લોકપ્રિય નવલકથા પરથી ‘ફિતૂર’ પહેલાં લાખ્ખોવાર અનેક પ્રસ્તુતિઓ અનેક પ્રકારે લોકો સુધી પહોંચી છે. આદિત્ય રૉય કપૂર, કેટરિના ફૈફ અને તબૂની ફિલ્મ ‘ફિતૂર’ આ સીધી સાદી નવલકથાની એટલીં ગૂંચવાળાભરી પ્રસ્તુતિ છે કે, પ્રેક્ષકો સિનેમા હૉલથી બહાર નિકળીને અભિષેક કપૂરના ‘ફિતૂર’ પર રોષ ઠાલવે કે પોતાના ફિલ્મો પ્રત્યેના ‘ફિતૂર’ પર ગુસ્સો કાઢે એ પણ નકકી ન કરી શકે એટલા કન્ફયુઝ થઈ જાય!!!

અભિષેક કપૂરની ‘ફિતૂર’ની પૃષ્ઠભૂમિ કાશ્મિર છે. માત્ર અને માત્ર પ્રેમ સિવાય ફિલ્મમાં જાતિવાદ અને પ્રાંતવાદની પણ સેળભેળ કરી શકાય એટલે ‘ફિતૂર’ નો પીપ એટલે કે નૂર (૧૩ વર્ષનો મોહમ્મદ અબ્રાહમ અને યુવાન આદિત્ય રોય કપૂર) પરંપરાગત કાશ્મિરી કારીગર છે. નાનપણમાં બનેવી સાથે હઝરત બેગમ (તબુ)ની હવેલીના સમારકામે જતાં ૧૩ વર્ષીય નૂરને હઝરત બેગમની દીકરી ફિરદૌસ (નાની તનીશા શર્મા અને મોટી કેટરિના ફૈફ)ના દીદાર થાય છે. ફિરદૌસને જોઈને નૂર ધૂર્યા જ કરે છે. નાનો નૂર પ્રેમમાં પડે છે.

હવે કટ ટુ તબુ... તબુ એટલે કે હઝરત બેગમ (યુવાન હઝરત બેગમ એટલે અદિતી રાવ હૈદરી)ને યુવાનીમાં બેહદ પ્રેમના બદલામાં ધોખો-પછળાટ મળી છે, એટલે પોતાની સાથે થયું એવું પોતાની દીકરી સાથે ન થાય એ નાતે પોતાની દીકરીને વિદેશ મોકલી દે છે. આ તરફ નૂર ફિરદૌસની ચાહ અને રાહમાં કારીગરમાંથી કલાકાર થાય છે.


હવે કટ ટુ કન્ફયુઝન... હઝરત બેગમ-તબુ નૂર ફિરદૌસની નવા-જૂની તો એક બીજાને સાથે છે એટલે બેગમ નૂર અને ફિરદૌસના સંબંધની તરફેણમાં છે કે તદન વિરૂધ્ધમાં એની સમજણ જ પડતી નથી. પ્રેક્ષકો પણ નૂરની સાથોસાથ ગૂંચવાયા કરે...

નૂરને એકાએક સ્કોલરશીપ મળે છે ને એ મહાન ચિત્રકાર બનવા દિલ્હી જાય છે. કોઈ દાનવીર તરફથી આ બક્ષીસ છે. ફિરદૌસને લાયક બનાવવા બેગમ જ નૂરને દિલ્હી મોકલે છે એવું જ ફલિત થાય એવા સીન પછી સસ્પેન્સ તો કંઈક અલગ જ નિકળે છે...!!! આ વધુ એક કન્ફયુઝન...!

મહાન ચિત્રકાર થવા દિલ્હી ગયેલો આદિત્ય રૉય કપૂર દિલ્હીમાં ફિરદૌસને મળે છે. પોતાના પ્રેમનો ઈઝહાર કરે છે. કેટરિના કૈફ પણ થોડી વાર માટે (એક રાત માટે) આદિત્ય રૉય કપૂરના પ્રેમનો સ્વીકાર કરે છે, પણ વાસ્તવિકતાએ છે કે ફિરદૌસ તો પાકિસ્તાનના પ્રધાન તલત અઝીઝના દીકરા બિલાલ (રાહુલ ભટ્ટ)ના પ્રેમમાં છે અને શાદી પણ કરવાની છે...એ સમજે છે કે પ્રેમમાં દોડા ન વળે. દોડા તો જ વળે કે કોઈ સારા એટલે કે સમૃધ્ધ વર સાથે ઘર મંડાય.

કટ ટુ કન્ફયુઝન...આદિત્ય રૉય કપૂરને લાગી આવે છે. દારૂના નશામાં એ ઈન્ડો-પાક મીટના પેઈન્ટીંગ ઑકશન અને સંગીત કાર્યક્રમમાં કેટરિના કૈફ અને તેના મંગેતર બિલાલને બરાડા પાડીને કહે છે, ‘દૂધ માંગોગે તો ખીર દેંગે, કશ્મિર માંગોગે તો ચીર દેંગે...’ અહીં કોઈ દૂધ માંગવા પણ નોં તુ જ આવ્યું!!! તો આવા બરાડાનો શું મતલબ ? હા, ‘ફિરદૌસ માંગોગે તો ચીર દેંગે’ એવો સંવાદ હોય તો ચાલે...!!!

કટ ટુ સૌથી મોટું કન્ફયુઝન...આ ફિલ્મમાં અજય દેવગણનો કિમિયો પણ છે! પોલીસથી બચેલા આતંકવાદી વિદેશમાં મોટો બિઝનેસમેન થઈને સામે આવે તો શું થાય ? અને એ પાછો આદિત્ય રૉય કપૂરને મહાન કલાકાર બનાવવાનો યશ લે તો પ્રેક્ષક બિચ્ચારો કન્ફયુઝ ન થાય તો બીજું કરે પણ શું ?




આદિત્ય રૉય કપૂરને મહાન કલાકાર બેગમે બનાવ્યો કે વિદેશમાં વસતાએ બિઝનેસમેને? આ અને આવી તો અનેક વિમાસણો સાથે પ્રેક્ષક પોતાના જ ફિલ્મ જોવાના ‘ફિતૂર’ને કોસતો બહાર આવે છે...!

દિગ્દર્શક અભિષેક કપૂર ૯૬માં ‘ઉફ઼! યે મહોબ્બત’ ના હિરો તરીકે આવ્યા હતા. દેશની મહિલાઓનીં એકતા તોડવામાં જેનું મોટું યોગદાન છે એ એકતા કપૂર અને તુષાર કપૂરનો કઝીન અભિષેક કપૂરે આ પહેલાં દિગ્દર્શક તરીકે ‘ રૉક ઑન’ અને ‘કાઈ પો છે’ જેવી સારી ફિલ્મો આપી છે, પરન્તુ ‘ફિતૂર’માં અભિષેક કપૂર પ્રેમની ખુમારી અને પ્રેમમાં ખુવારી બન્નેમાંથી કંઈ જ દર્શાવી શક્યા નથી. ગાંડપણની હદે પ્રેમ... પ્રેમનું ‘ફિતૂર’ જેવું તબુના પાત્ર સિવાય ક્યાંય-કશું જ અનુભવાતું નથી. તબુના સંવાદોમાં ‘ફિતૂર’ નો સ્પર્શ ક્યાંક-ક્યાંક અનુભવાય છે. બાકી બધું ‘ફિજૂલ’ છે!

આદિત્ય રૉય કપૂરની ઈમેજ એન્ટી હિરો જેવી ઉપસી છે, એટલે નિઃસ્વાર્થ પ્રેમીના પાત્રમાં પ્રેક્ષકોને વિશ્વાસ જ બેસે નહીં એવું બને... આદિત્ય રૉય કપૂરના મોટાભાઈ અને વિદ્યા બાલનના પતિદેવ સિધ્ધાર્થ રૉય કપૂર ‘ફિતૂર’ના સહનિર્માતા છે એટલે ઘરના પ્રોડકશનમાં મળેલી તકને પણ તે યોગ્ય ન્યાય નથી આપી શક્યો.

કેટરિના કૈફની સ્ક્રીન પ્રેઝન્સ ઘણી સમૃધ્ધ છે. કેટરિના કૈફની ઈમેજ નિઃસ્વાર્થ પ્રેમીકાની છે, જ્યારે એ ‘ફિતૂર’માં તદન વિપરીત છે એટલે પ્રેક્ષકો અહીં પણ કન્ફયુઝ!

‘ફિતૂર’ નું સૌથી મોટું જમાપાસુ હોય તો તે તબુ છે. હઝરત બેગમનું આ પાત્ર પહેલાં રેખા કરવાના હતા. પછીથી કોઈ કારણોસર આ ભૂમિકા તબુને મળી. તબુએ પોતાનીં પસંદગીને પુરવાર જ નથી કરી, હઝરત બેગમના કિરદારને રોશન કર્યું છે. તબુ શ્રેષ્ઠ અભિનેત્રી છે એવું વધુ એક વાર પુરવાર કર્યું છે. જો કે જેમને ‘હેદર’ની તબુની ભૂમિકા યાદ હશે એમને ‘ફિતૂર’ની ભૂમિકામાં ઘણી સામ્યતા લાગશે.

‘કાઈ પો છે’ અને ‘નો વન કીલ્ડ જેસિકા’ જેવી ફિલ્મોના કેમેરામેન અનય ગોસ્વામીની સિનેમેટોગ્રાફી પ્રેક્ષણીય અને સરાહનીય છે. તો દીપા ભાટીયા જેવા સિધ્ધહસ્ત અને પીઢ એડીટરના એડીટીંગને દાદ દેવી પડે. ‘સ્ટુડન્ટ ઑફ ધી ઈયર’, ‘માય નેમ ઈઝ ખાન’, ‘તારે જમીં પર’ જેવી ઘણી ફિલ્મોના એડીટર દીપા ભાટીયા ‘સ્ટેનલી કા ડબ્બા’ વાળા ફિલ્મમેકર અમોલ ગુપ્તેના પત્ની છે ‘ફિતૂર’ માં બોમ્બ વિસ્ફોટનો એક સીન એટલો ચુસ્ત એડીટ થયો છે કે સિનેમાગૃહમાં બેઠેલા પ્રેક્ષકના મોઢામાંથી પણ ‘ઓ બાપ રે’ નિકળ્યા વિના ન રહે...!!!

‘ફિતૂર’માં અમીત ત્રિવેદીના સંગીત નિર્દેશનમાં સ્વાનંદ કિરકિરે જેવા ગીતકારના ગીતો છે, પરન્તુ એક ટાઈટલ ટ્રેક સિવાય કંઈ યાદગાર નથી.

‘ફિતૂર’ આમ તો ૨ કલાકને ૯ મિનિટની ફિલ્મ છે, પરન્તુ આટલા સમયમાં એટલું બધું કન્ફયુઝન છે કે એક આખો યુગ પુરો થયો હોય એવી અનુભૂતિ થાય...! વેલેન્ટાઈનના વાયરા અને વાવર વચ્ચે ફિલ્મ રિલિઝ થઈ છે, એટલે પ્રેમને લઈને પ્રેમીઓમાં હંમેશા જેવું અને જેટલું કન્ફયુઝન ચાલ્યા કરે એવું જ ‘ફિતૂર’માં છે હવે તો જાણો દિવાળીના દિવસો હોય એમ વેલેન્ટાઈનના દિવસોનું વાતાવરણ જામે છે. આવા મોટા દિવસોમાં પ્રેમમય રહેવું હોય તો ‘ફિતૂર’ના ફિતૂરથી દૂર રહેવા જેવું છે. આ અઠવાડિયે બે ફિલ્મ રિલીઝ થઈ ‘સનમ રે’અને ‘બાપ રે..’!!!



